# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૨ • સળંગ અંક : ૯૩ • તા. ૨૧ માર્ચ ૨૦૨૦ થી ૨૭ માર્ચ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પેટ્રન થવાનો સિલસિલો જારી

KDO SANJIVANI

નામ પણ ભૂલી ગયો છું, આટલે આવ્યા પછી,
શું હતો, શું થઈ ગયો છું, આટલે આવ્યા પછી.
થાય, સંકેલું સફરના થાકને વેરાનમાં,
ખૂબ અઘરો કોયડો છું, આટલે આવ્યા પછી
કેમ છો? પૂછી શકું છું, મૃત્યુ જેવા મૃત્યુને,
એટલો હળવો થયો છું, આટલે આવ્યા પછી.

- હરેશ તથાગત



નીશિથ આનંદ દંડ


Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# જીવનમાં અવનવા રંગો ભરતા અનેકવિધ તહેવારો

ભારત દેશ વિવિધ ઉત્સવ તહેવારોનો ગુચ્છો છે. જેમાં દરેક ધર્મ, સંપ્રદાય વિવિધ દેવ-દેવીઓ, એટલું જ નહીં સૂર્ય, ચંદ્ર, ગાય, સર્પને લગતા તહેવારો ઉજવાતા રહે છે. વિદેશમાં નાતાલ, ન્યૂ યર જેવા ઈન મીન સાડે તીન તહેવારો ગણીને છે. તો માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર વિગેરે માટે મુકરર દિવસ હોય જે દિવસે જે તે સંબંધોની યાદ કરી તેમની ગુણ ગાથા ગાઈ લીધી કે ઉજવણી પૂરી થઈ.

આની સરખામણીમાં આપણો દેશ વિવિધ તહેવારો, ઉત્સવોની ઉજવણીમાં મગ્ન રહેતો દેશ છે. વિવિધ ધર્મના ઉત્સવો ક્રમશ ઉજવવાને લીધે નાના, મોટા વેપારીઓને પણ તેમના જોગનો ધંધો મળી રહે છે. એક ધારા ચાલતા જીવનમાં નવીન થાય, હર કોઈ દિવસ અલગ રીતે ઉજવાય તો એક નવો માહોલ મળે, એક ઉત્સાહવર્ધક વાતાવરણ સર્જાય છે. જે પછી ના અનેક દિવસો આનંદ ઉમંગ ભર્યા રહેતા હોય છે. રોજ રોજ ખારું, ખાટું, કડવું ભોજન પછી મીઠો મધૂર આહાર માણવાની મજા અલગ હોય છે. દુઃખ દર્દ, શોકની લાગણીઓ વચ્ચે સુખનો માહોલ જીવનમાં મેઘધનુષ જેવા રંગો સર્જે છે. જે અદમ્ય ઉત્સાહની લહેર સર્જે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના વરસ દરમ્યાન આવતા તહેવારો આપણા જીવનમાં નવીન ઉત્સાહ આનંદ અને ખુશાલીના ફૂલ ગુચ્યા છે. જે આપણા પરિવારો મિત્રો આપણા સહ કર્મચારીઓ, આપણા પોતાના વ્યાપાર ધંધાના સહયોગી સાથેનો નાતો વધુ મજબૂત બનાવે છે. જેમ દર સપ્તાહના સોમથી શનિ સુધીના રૂટિન પછી રવિવારની રજા આવનાર બીજા સપ્તાહ માટેનો ઉત્સાહ સાથે શક્તિ માટે બૂસ્ટરનું કામ કરે છે. વરસની ત્રણ મોસમ ઠંડી, ગરમી અને વર્ષા. તેની છ ઋતુ શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા. એ બધાને સાંકળતા અલગ અલગ જાતભાતના ઉત્સવો આ ઋતુમાં પાકતા ધાન્ય, ફળ, ફૂલોને લીધે એક નવો માહોલ આપણને આપે છે. ક્ષુલ્લક કારણો સાથે તહેવારો જોડવામાં આવે તો લોકો એનો અમલ ન પણ કરે, પણ કોઈ ધાર્મિક માન્યતા, કે દેવ દેવી સંસ્કૃતિને જોડીને તહેવારો ઉજવાયતો પરિવારના નાનાથી મોટા એમાં ઉત્સાહ આનંદ અને ઉમંગથી રૂઢિગત માન્યતાઓને આદર આપીને સંકળાય છે. ભારતીય સંસ્કૃતિની મોટી ઉપલબ્ધિ તેના ઉજવાતા વિવિધ તહેવારો છે. ગમીગીની ઉત્સાહ, સવાર સાંજ, દિવસ રાત, તડકો છાંયડો, આ બધાનું મિશ્રણ જીવનમાં નવા રંગો નવો માહોલ સર્જે છે. નાના મોટા, બાળકો વડીલો, દરેક વયના માટે ઉત્સવ ઉજવણી માટે અલગ અલગ કારણો હોય છે. નાના બાળકો કલાસનું હોમવર્ક ભૂલી ધીંગા મસ્તીથી ઘરને, શેરીને, સોસાયટીને તોફાન કોલાહલથી ભરે છે તો વડીલો સ્નેહી સ્વજનોને તહેવારોની વિવિધ પ્રકારે શુભેચ્છા-લાગણી સાથે પોતાની શુભેચ્છા અર્પે છે. તો મધ્યમવયના માતા-પિતા પોતાના સમોવડીયાઓની સાથે ઉત્સવના અવનવા રંગોથી ઉજવી દિવસ યાદગાર બનાવે છે. આમ સમગ્રરીતે જીવનમાં આવતા અવનવા તહેવારો, અઢળક ઉત્સવો નાના મોટા સૌના હૃદય ઉત્સાહ, ઉમંગના રંગોથી મેઘધનુષ માહોલ સર્જે છે. જિંદગી રંગીન છે તો જ જિંદગી સંગીન છે.

- જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પેટ્રન થવાનો સિલસિલો જારી







સ્વજીવ સિવાયના અન્ય જીવોની ભલાઈ ઈચ્છવી અને કરવી એ પરોપકારનો પરમાર્થનો કાર્ય છે અને એજ ઉત્તમ મનુષ્ય ધર્મ છે. નાતજાત લિંગભેદ જોયા વગર અન્યનું ભલું કરનાર, તેની સુખ, શાંતિ મળે એ માટે ઉપયોગી થનાર નરોતમ ઉત્તમ નર ગણાય છે.

અન્યોજનોની ઉપયોગીતાથી માનવ જીવનનો યર્થાથ પરિચય પામી શકાય છે. સાર્થકતા થઈ શકાય છે. શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં ઉદારદિલ દાતા પરિવારો જોડાવવાનો સિલસિલો જારી રહ્યો છે અને આ પ્રવાહ અવિરત વહેતો રહે એવો સૌ એ પ્રયાસ કરવો જરૂરી છે. આયોજનાનો લાભ ઓચિંતા આવી પડતી વિપદા રોગના ખર્ચમાં સામાન્યજનોને રાહત મળે છે. ઉપયોગી સાથે આધાર મળે છે.

રૂા.૧ લાખનું યોગદાન આપી જયુ રમેશ મોમાયા નલિયા, એટલાન્ટા સંજીવની પ્લેટિનમ પેટ્રોન થયા છે તથા રૂા.૫૦ હજારનું યોગદાન સમાજને સમર્પિત કરી સુવર્ણ પેટ્રોન માટે તા.૨૦ માર્ચના કુમાર ધવલ મયૂર લોડાયાની પુણ્યતિથિના






# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પેટ્રન થવાનો સિલસિલો જારી







અવસરે જીવદયા અને તે સુપાત્રદાન કર્તવ્યને સાર્થક સાથ આપેલ છે. માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર મોટી ખાવડી હાલે ઘાટકોપર. અને બીજા સુવર્ણ પેટ્રોન રૂ.૫૦ હજાર આપી નોંધાયા છે શ્રીમતી અનિતા જીવરાય લોડાયા હસ્તે ક્રિયાન મિખીલ લોડાયા મોટી ખાવડી (હાલાર થાણા).

રૂ.પચીસ હજારના યોગદાન સાથે સિલ્વર પેટ્રન બન્યા છે. (૧) માતુશ્રી માંકબાઈ લક્ષ્મીચંદ સોની ૧૮ માર્ચની પુણ્યતિથિને યાદગાર બનાવી છે હસ્તે નરેશ લક્ષ્મીચંદ સોની વાંકુ-ઘાટકોપર. (૨) શ્રીમતી પ્રીતિ અને શ્રી ધનંજય શાહ નલિયા-માટુંગા અને ૩) શ્રી વસંતભાઈ કે. વિકમશી જખૌ-દાદર. ઉદાર દિલ પરિવારોની અઢળક અનુમોદના.







# મહાદાન નાટક પ્રર્વતમાન સંજોગોને આધિન મોકૂફ




સમાજની જાગૃતિ માટે ઓર્ગન ડોનેશન જેવા મહત્વના મહાદાન વિષે સૌને જાણકારી મળે અને આજ સુધી આ વિષય સૌથી અછૂતો રહેલ જે પ્રકાશમાં આવે તે કલ્યાણભાવથી શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન દ્વારા 'મહાદાન' નાટકની રજૂઆત તા.૩ એપ્રિલ ૨૦૨૦ શુક્રવારના મુલુંડ મહાકવિ કાલિદાસ ઓડિટોરીયમમાં રખાઈ હતી. આ નાટક થાણાના કચ્છ વાગડ સમાજના પ્રોફેશનલ ડોક્ટરો સરળ અને સુલભ શૈલીથી જ્ઞાનવર્ધક રીતે માહિતી આપનાર હતા.

સમસ્ત મહાજનની સમગ્ર ટીમ, અધિકારી ગણ નાટક રજૂઆતની ચરમ તૈયારીઓમાં વ્યસ્ત હતા અચાનક દેશમાં સાંપ્રતકાળમાં પ્રસરેલી કોરોના મહામારીના અંકુશ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જે સાવચેતીના પગલા લેવાઈ રહ્યાં છે તેમજ જાહેર કાર્યક્રમો ઉપર બંધી રખાઈ છે. સાર્વજનિક સ્થળોની તાળા બંધી કરાઈ છે. આ હાલતમાં સતાવાળાઓના સહયોગ આપતા પ્રયાસ રૂપે હાલે આ નાટકની ભજવણી મુલત્વી રખાઈ છે. સૌના ઉમળકા ભર્યા પ્રતિસાદ જોતા આ નાટક ભવ્યાતિ ભવ્ય રીતે સફળ થવાનો હતો પણ સમય, સંજોગને આધિન થઈ આ દુ:ખદ નિર્ણય સૌની સુખાકારી માટે દેશહિત માટે સમસ્ત મહાજનશ્રીને લેવો પડ્યો છે. જેની સૌ નોંધ લો. સૌની ક્ષમા યાચના સાથે સર્વે ક્ષેમકુશળ રહે એ દિલપૂર્વકની પ્રાર્થના સમસ્ત મહાજન કરે છે.

તા.૧૯ માર્ચ ગુરૂવાર રાત્રે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશિથ દંડ એક વિડીયો સંદેશ દ્વારા જ્ઞાતિને સંબોધી આ નાટક અનિશ્ચિત સમય માટે મોકુફ રાખેલ છે એની એનાઉસમેન્ટ કરી હતી. સમગ્ર દેશભરમાં કોરોના વાયરસને લીધે સર્જાયેલ સંજોગોને આધિન આ નિર્ણય લેવાયો હોવાનું કહ્યું હતું.

સરકારના પ્રતિબંધ આદેશોને માન આપી જે સમય મળ્યો છે એ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પેટ્રન, દિવ્યાંગ પાલક યોજના અને ગ્લોબલ કાર્ડનું પ્રમોશન અને એનો પ્રચાર જ્ઞાતિજનોમાં કરીએ અને તેના લાભ સૌને સમજાવીએ એવો નેટવર્ક ગોઠવીએ એવું સૂચન કર્યું હતું.

તેઓશ્રીએ કોરોના રોગ પ્રત્યે સજાગ રહી જાહેર સ્થળોએ ન જઈ, ડોક્ટરો અને નિષ્ણાતો દ્વારા અપાયેલ સૂચનાઓનું પાલન કરી આપણે સ્વસ્થ રહીએ સાથોસાથ સૌને એ પ્રત્યે સાવચેત કરીએ. એ સજાગતા રાખવાની ભલામણ કરી હતી.

# શ્રી ભલારા દાદાની ૩૨મી સમૂહ પહેડી મુલત્વી

હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસના પ્રકોપ સામે જાગૃતિ માટેના પગલા લેવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા નોટીફીકેશન સૂચનાઓ જાહેર કરાઈ છે. જેને અનુલક્ષી તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારના ભલારા દાદાની ૩૨મી સમૂહ પહેડી હાલ પુરતી મુલત્વી રખાયેલ છે. જેની ભાવિકગણ નોંધ લે. એમ ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ તેરાની સમૂહ પેડી મુલત્વી રહી

હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસના પ્રકોપ સામે જાગૃતિ માટેના પગલા લેવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા નોટીફીકેશન સૂચનાઓ જાહેર કરાઈ છે. જેને અનુલક્ષી તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારના મોતા પરિવારના કુળદેવી અંબાઈ માતાજીની સમૂહ પેડી હાલ પુરતી મુલત્વી રખાયેલ છે. જેની ભાવિકગણ નોંધ લે. એ સૂચના ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા-તાલુકા અબડાસા કચ્છ દ્વારા અપાઈ છે.

# કચ્છમાં માનવજ્યોતના પ્રમુખની સક્રિયતાથી દોઢ લાખની સોનાની ત્રણ ચેઈન મૂળ માલિકને પરત કરાઈ



ભુજની માનવજ્યોત સંસ્થાને એક પરિવારે જૂના કપડા થેલો ભરીને આપ્યા હતા. ૧૦ દિવસ પછી પત્નીએ પતિને યાદ અપાવ્યું કે, જે જૂના કપડા આપી આવ્યા છીએ તે પૈકી એક પેન્ટમાં સોનાની ત્રણ ચેઈન હતી. સંસ્થાના પ્રમુખ પ્રબોધ મુનવરને વાત કરતા તેમણે કહ્યું કે, લગ્નગાળાના કારણે કપડા વિતરણ થયા નથી. તમે આ કપડાના ઢગલા પડ્યા છે. એમાંતી તમારો થેલો ઓળખી આપો. થેલા અંદર પેન્ટના ખિસ્સામાં રાખેલી રૂપિયા દોઢ લાખની સોનાની ત્રણ ચેઈન મળતા જ પટેલ પરિવારના પતિ-પત્નીએ ખુશી વ્યક્ત કરી માનવજ્યોતનો આભાર માન્યો હતો.

અત્રે યાદ આપવું ઘટે કે મૂળ કોઠારાના હાલે ભુજ વસતા પ્રબોધ હીરાચંદ મુનવર સમગ્ર જિલ્લામાં માનવ અને જીવ સેવાનું પર્યાય નામ છે.

તેમની સમાજ સેવા અને કલ્યાણ પ્રવૃત્તિઓની નોંધ લઈ વિવિધ સંસ્થાઓએ તેમને એવોર્ડ આપી સન્માનિત કર્યા છે. પ્રબોધભાઈ શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મિડીયા સમિતિ અને મેડિકલ સમિતિના સભ્ય છે.

# પાલીતાણા મધે નરશીનાથા ભવન ખાતે ચૈત્ર માસની આયંબિલ ઓળી રદ કરાઈ

વર્તમાનમાં દેશભરમાં કોવિંદ-૧૯ના પ્રસરેલા પ્રકોપને કારણે જે કપરા સંજોગો સર્જાયા છે અને એને નાથવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો અંકુશના પગલાં જાહેર કર્યા છે. અનેક બંધીઓ મૂકી છે જેને માન આપી, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પાલીતાણા મધે નરશીનાથા ભવન ખાતે પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી મહાદેવશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં તા.૩૦ માર્ચથી ૭ એપ્રિલ દરમ્યાન આયોજીત કરાયેલ ચૈત્ર માસની આયંબિલ ઓળી રદ કરવાનો નિર્ણય આયોજન સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. જેની નોંધ આયંબિલની ઓળી કરવા આવનાર સહુને ધ્યાનમાં લેવી.

સૌને નમ્ર વિનંતી કરાયેલ છે કે વર્તમાનકાળ સંજોગોને લક્ષમાં લઈ સૌ આપ પોતપોતાના ઘરે જ થયાશક્તિ જાપ, તપ, ત્યાગ તથા ધર્મ આરાધના કરી દેશ તેમજ સમગ્ર વિશ્વ પર આવી પડેલ મુશ્કેલીમાં સહુનું મંગલ થાઓ એવી મંગલ ભાવના કરશો જેથી સર્વત્ર શુભ સંજોગો સર્જાય.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# દેશમાં વાયરસ પ્રકોપની શાંતિ અર્થે કચ્છમાં ૭૨ જિનાલયમાં લઘુશાંતિ અને સ્તોત્ર પાઠ કરાયા

દેશમાં વિદેશની ધરતી પરથી આવેલ વાયરસના લીધે સર્વત્ર ચિંતાનો માહોલ પ્રર્વતે છે. કોરોના-કોવિદ-૧૯ નામે ઓળખાતા નવા વિષાણુનો ઉપદ્રવ સમગ્ર વિશ્વમાં પ્રસરાયો છે. માનવ શરીરમાં સામાન્ય લગતા લક્ષણોથી તેનું સંક્રમણ શરૂ થયા છે અને એક દ્વારા બીજી વ્યક્તિઓમાં પ્રસરતો જાય છે.

સામાન્ય રૂટિન-જન જીવન અને તંત્ર ખોરવી દેનાર આ પ્રકોપથી સમગ્ર માનવજાતને શાંતિ મળે એ અર્થે આચાર્ય ભગવંત, સાધુ, સાધ્વજીઓ પણ ચિંતીત છે. કચ્છમાં ૭૨ જિનાલય મહાતીર્થે લઘુશાંતિ આદિ અનેક સ્નોત્રના પાઠ કરી પરમાત્માનો અભિષેક ઈત્યાદિ કરી તીર્થમાં બિરાજમાન સાધુ-સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં ચાલુ છે.







# જોગેશ્વરી અચલગચ્છ સંઘના આંગણે મુમુક્ષુ મોહિતભાઈના વસ્ત્રો પર કેસર છાંટણા કરાયા







તા.૧૯ માર્ચ ગુરૂવારના દિને સવારના ૭.૩૦ કલાકે જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘના આંગણે રાજસ્થાન ધોરીમન્ન (બાડમેર) નિવાસી મોક્ષાભિલાષી ૧૮ વર્ષીય મુમુક્ષુ મોહિતકુમાર બોહરાના પ્રવજ્યા પુણ્યોત્સવ પ્રસંગે આ.ભ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.આદિઠાણા સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં મુમુક્ષુ મોહિતકુમારના વસ્ત્રો પર કેસર છાંટણા સાદાઈથી થયેલ કાર્યક્રમમાં કરાયા.

# મુમુક્ષુ દીક્ષાર્થી નિર્મલાબેન ગાલાનું નૂતન દીક્ષાર્થી નામકરણ સાધ્વીજી શ્રી નવપદગુણાશ્રીજી મ.સા. રખાયું






તા.૧૫ માર્ચ રવિવાર રોજે દાદર ઉપનગરમાં હિંદમાતા સંઘમાં મુમુક્ષુ દિક્ષાર્થી નિર્મલાબેન ગાલાની દીક્ષા પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા સાધુ સાધ્વીજી ભગવંતોની પાવનકારી નિશ્રામાં દેશભરમાં પ્રર્વતતા સંજોગોને લઈને સાદાઈથી સંઘના કાર્યકરો, ટ્રસ્ટીઓ અને પરિવારજનની હાજરીમાં થઈ. દીક્ષા બાદ પૂજ્યશ્રી નૂતન દીક્ષિતનું નામકરણ સાધ્વીજી ભગવંત શ્રી નવપદગુણાશ્રીજી મ.સા. રાખવામાં આવેલ.













# પારોલાતીર્થમાં આયંબિલ ઓળી રદ કરાઈ



ખાનદેશ પ્રાંતના પારોલા તીર્થ સંઘમાં શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આ.ભ.પ.પૂ.શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં પારોલા તીર્થમાં તા. ૩૦ માર્ચ ૨૦૨૦ થી શરૂ થનાર આયંબિલ ઓળીની આરાધના કાર્યક્રમ સમગ્રદેશ અને વિશ્વમાં કોરોના વાયરસને કારણે ફેલાયેલ આ મહામારીના ભરડાને લીધે સમય સંજોગોને આધિનવસ કેન્સલ કરવામાં આવેલ છે.

સહુને નમ્રવિનંતી કે સંકટની આ પરિસ્થિતિમાં સહુએ ઘરે રહીને યથા શક્તિ તપ-ત્યાગ-જાપ સાથે ધર્મ આરાધનાઓ કરી આવી પડેલ વિકટ મુશ્કેલીમાં સર્વજીવોને શાતામળે એવા ભાવથી કરવા શ્રી સંઘ દ્વારા વિનંતી કરાઈ છે.

# ચાલીસગામ સંઘમાં પદાધિકારી સહિત છ શ્રાવકોના કેશ લોક



ખાનદેશ પ્રાંતના ચાલીસગામ સંઘના શ્રી કચ્છી દશા ઓસવાલ અચલગચ્છ જૈન સંઘમાં આગમ દિવાકર પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૩ના વરદ હસ્તે સંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, મહેતાશ્રી તથા પૂજારી સહિત ૬ શ્રાવકોએ બ્રાહ્મતપના એક પ્રકાર સ્વરૂપ કેશ લોચ કરાવેલ.

સકળ સંઘના બહુસંખ્યામાં ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓ નવકારમંત્રની ધૂન સાથે સર્વની અનુમોદના કરી હતી.

પૂજ્યશ્રી તા ૧૮ માર્ચના ધુલીયા તરફ વિહાર કર્યો હતો. તા.૨૧થી તા. ૨૪ માર્ચ સુધી ધુલિયામાં અલગ અલગ ચાર સ્થળોએ સ્થિરતાનો લાભ આપશે.

# ક.દ.ઓ.વિદ્યાર્થી સંઘ મુંબઈની વ્યવસ્થાપક સમિતિની નવી ટર્મ માટે ચૂંટણી

શ્રી કચ્છી દશા ઓસવાલ વિદ્યાર્થી સંઘ મુંબઈની વ્યવસ્થાપક સમિતિની નવી ટર્મ વર્ષ ૨૦૨૦-૨૦૨૨ માટેની ચૂંટણીનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરાયો છે. ઉમેદવારીપત્ર વિતરણ પ્રારંભ મંગળવાર, તા.૨૪ માર્ચ અને બુધવાર, તા.૨૫ માર્ચ સાંજે ૭.૩૦ થી ૮.૩૦ દરમ્યાન કાર્યાલયમાં થશે અને એજ દિવસે ઉમેદવારી પત્ર ભરીને આપી શકાશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની તા.૨૭ માર્ચ ૨૦૨૦. ઉમેદવારોની આખરી યાદી એ જ દિવસે રાત્રે ૯ કલાકના કાર્યાલયમાં જાહેર થશે.

જો જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારી પત્ર આવેલ હશે તો ચૂંટણી મતદાન તા.૨૯ માર્ચ રવિવાર બપોર ૨ થી ૬ દરમ્યાન વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ હોસ્ટેલ ઘાટકોપરમાં કરવામાં આવશે અને મતદાન સમય પછી એ જ દિવસે સાંજે ૭ વાગે મત ગણતરી ચાલુ કરવામાં આવશે. ચૂંટણી સંબંધી બાબતો માટે ચૂંટણી અધિકારીઓનો નિર્ણય આખરી અને સર્વમાન્ય રહેશે. ચૂંટણી અધિકારી તરીકે ભરત શામજી છેડા છે.

# સાંપ્રત સંકટ સમય અનુલક્ષી આ. ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો ચર્તુવિધ સંઘ જોગ સંદેશ

વર્તમાન કાળે સમગ્રદેશમાં કોરોના રોગને લીધે વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આ મહામારી અંકુશમાં આવે, વધુ ન પ્રસરે એ માટે સરકારી તંત્રો દ્વારા પ્રતિબંધ પગલાઓ લેવાઈ રહ્યાં છે. અનેક સાર્વજનિક આયોજન, ધાર્મિક સભા, સંમેલન, મેળાવા, પ્રવાસ ન યોજાય એવી સતાવાર જાહેરાતો કરાઈ છે. સર્વના હિત સંબંધી આવા આદેશોને માનવું એ સૌ જવાબદાર નાગરિકોની ફરજ છે. સામાન્ય જનમાનસ ચિંતિત છે, વ્યથિત છે અને ભવિષ્યમાં કેટલુ ઘેરો સંકટ આવી પડે એનાથી ભયભીત છે.

આ પરિસ્થિતિમાં સર્વે મહાજનો સંઘો અને સર્વે શ્રાવક શ્રાવિકાઓ ધૈર્ય પૂણ રીતે અને સંપૂર્ણ શ્રદ્ધા, આસ્થા સાથે ધર્મ આરાધનાઓ મંત્ર જાપ કરી પોતાના માટે અને સર્વેની યોગક્ષેમ માટે ભાવના ધરાવે એવા ભાવ કચ્છમાં ૭૨ જિનાલયથી આ.ભ.પ.પૂ. ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.એ ચર્તુવિધ સંઘ જોગ સંદેશ પત્ર પાઠવેલ છે. જેનો સાર નીચે મુજબ છે.

સુદેવ ગુરૂભક્તિવંત સકલ શ્રી સંઘો મહાજનો એવં ચતુર્વિધ સંઘ પ્રતિ હાલની પરિસ્થિતિને અનુલક્ષી મહામારી જેવા ભયંકર રોગથી મુક્ત થવા માટે એવં શ્રી સંઘો, મહાજનો એવં ચતુર્વિધ સંઘની યોગક્ષેમની ભાવના માટે તથા સ્વાસ્થ્ય આરોગ્યની નિરામયતા નિમિત્તે સૌએ દરરોજ નીચે જણાવેલ જાપનો ૧૦૮ વાર અથવા ૨૭ વાર જાપ કરવો.

ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથાય મહામારી ભયં નિવારય મમ રક્ષાં કુરૂ કુરૂ સ્વાહા.

સૌના કલ્યાણની ભાવના સહ.
લિ. આ. ગુણોદય સાગરસૂરિના ધર્મલાભ.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

## શાશ્વત ગિરીરાજની પાવન ભૂમિએ યોજાનારી ચૈત્ર માસની ઓળી રદ કરાઈ

પ.પૂ.સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.મહોદયાશ્રી મ.સા.આદિઠાણાઓની પ્રેરણાથી તેમજ પ.પૂ.તપસ્વી રતન આ.ભ.શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદે શાશ્વત ગિરિરાજની પાવન ધરતીએ ચૈત્રી માસની નવપદની ઓળી તા.૨૯ માર્ચ થી તા.૮ એપ્રિલ ૨૦૨૦ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમ વર્તમાન કોરોનાની મહામારી ઉપદ્રવ તથા રાજ્ય સરકાર દ્વારા જન સુરક્ષા માટે અપાયેલ આદેશાનુસાર રદ કરવાનો નિર્ણય કરાયો છે.

આ નિર્ણય સૌજન્ય દાતા માતુશ્રી નલિનીબેન કુંવરજી ખોના (સુથરી-મુલુંડ) તથા માતુશ્રી રતનબેન જયચંદ લુઠીયા (રવા-મુલુંડ) પરિવાર પ.પૂ.મહારાજસાહેબ સાથે ચર્ચા વિચારણા બાદ લીધેલ છે. સર્વે તપસ્વી ભાઈ બહેનો જેઓ આરાધના માટે આવવાના હતા તેઓએ આ નિર્ણયની નોંધ લેવા વિનંતી અને અગવડતા થવા લાભ ક્ષમા યાચના સાથે મિચ્છામિ દુક્કડમ્.

---

## અનંત પેથોલોજી લેબોરેટરીની સમાજકાર્યની સુવર્ણ સિધ્ધિ

ક.દ.ઓ. મુંબઈ મહાજન સંચાલિત શેઠ નરશી નાથા મેડિકલ ટ્રસ્ટની અનંત પેથોલોજી લેબોરેટરી સમાજ સુશ્રુષા ક્ષેત્રે માત્ર ૩૨ માસના ટુંકા ગાળામાં પંદર હજાર પેશન્ટોને ઉપયોગી થઈ, લાભ આપી સેવા કાર્યની ઉત્તમ સુવર્ણ સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

---

## કચ્છ અબડાસા જૈન મોટી પંચતીર્થીનાં તીર્થસ્થાનો માટે વિશેષ સૂચના જાણ

કોવિદ-૧૯ને સૌ કોરોનાથી વિશેષ જાણે છે લોકોના એકબીજાના સંપર્કથી આ અદશ્ય રોગ ઝટ પ્રસરે છે. આ રોગના અટકાવની હજી સુધી કોઈ રસી કે દવા શોધાઈ ન હોવાને લીધે આ રોગનો પ્રકોપ સમગ્ર વિશ્વને ભરડામાં લીધેલ છે.

સતાતંત્રો કેન્દ્ર અને રાજ્ય સરકારો પ્રતિબંધ પગલાં લઈ પ્રજા માટે એડવાઈઝરી જાહેર કરેલ છે. જેનો અમલ કરવો પ્રત્યેક નાગરિકનો વિશેષ કરી સમાજ, મહાજનો, સંઘો, સંસ્થાઓની ફરજ છે.

આ કપરા સમય, સંજોગોની લીધે ધર્મ સ્થાનકો, આરાધના ભવનો એ પણ પોતાના સ્થાનકોના રૂટિનમાં બદલાવ કર્યા છે.

કચ્છ અબડાસા જૈન મોટી પંચતીર્થીના તીર્થસ્થાનો સાંધાણ સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરાના ટ્રસ્ટીગણએ એક જાહેર નિવેદન સૂચના બહાર પાડી છે જે નીચે મુજબ છે.

કોવિદ-૧૯ કોરોના વાયરસને ધ્યાનમાં લઈને અને સરકારશ્રીના આદેશોનું પાલન કરતા અબડાસા પંચતીર્થીના તીર્થસ્થાનો સાંધાણ સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરાની સંસ્થાઓએ સંલગ્ન થઈ તા.૨૦ માર્ચ ૨૦૨૦ શુક્રવારથી તા.૩૧ માર્ચ ૨૦૨૦ મંગળવાર સુધી અતિથિગૃહો-ધર્મશાળાઓ તથા ભોજનશાળાને સંદતર બંધ રાખેલ છે તથા સંસ્થાના જિનાલયો સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તા.૩૧ માર્ચ ૨૦૨૦ મંગળવાર સુધી બંધ રહેશે. જેની સર્વએ નોંધ લેવા વિનંતી. લિ. કચ્છ અબડાસા જૈન મોટી પંચતીર્થીના તીર્થસ્થાનો સાંધાણ/સુથરી/કોઠારા/જખૌ/નલિયા અને તેરાના ટ્રસ્ટીગણ.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રાજ રોગ તરીકે અગાઉ ઓળખાતા ટીબીને દેશમાંથી ૨૦૨૫ સુધી દેશમાંથી નાબૂદ કરવાનો લક્ષ્યાંક બનાવ્યો છે. ડિસે. ૨૦૧૯માં કચ્છમાં ૧૬૧૦ ટીબીના દર્દીઓ નોંધાયા હતા. સિવિલ હોસ્પિટલમાંથી દર્દીઓને દવા મફત અપાય છે. પણ પૂરક ફળ, દૂધ જેવા પોષ્ટિક આહાર માટે રૂા. ૫૦૦ની સહાય તેમના બેંક ખાતમાં જમા કરાવાય છે. ટી.બી. દર્દીઓનો ગુજરાતમાં મૃત્યુ દર ૭ ટકા જેટલો છે. તે સામે જિલ્લામા પ્રમાણમાં સારી છે. અત્રે ૩ ટકા જેટલો મૃત્યુ દર છે. એવું જિલ્લા ક્ષય અધિકારી ડૉ. દેવચંદભાઈ ગાલાએ જણાવ્યું હતું. રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કચ્છ બીજા સ્થાને છે. તો તાલુકા કક્ષાએ અબડાસા પ્રથમ અને ભચાઉ બીજા ક્રમાંકે છે.

● કચ્છ રાજગોર સમાજ પ્રેરિત ૩૯મા સમૂહલગ્નમાં ૩૨ નવદંપતીઓ સપ્તપદીના ફેરા ફરી પ્રભુતામાં પગલાં માંડ્યા. જ્યારે ૪૦ બટુકો યજ્ઞોપવીત ધારણ કર્યા હતા. આ સમારોહમાં જ્ઞાતિના નાના, મોટા સૌ ખભે ખભા મિલાવી તન મન ધનથી સહાયક કાર્ય કર્યું હતું. તો ધ્રબના પૂર્વ સરપંચ યશ એન્ટપ્રાઈઝેસના સુલતાનભાઈ તૂર્કએ અંદાજે વીસ હજર લીટરથી વધુ ફિલ્ટર પાણી નિઃશુલ્ક પૂરુ પાડી કોમી એકતાનું ઉદ્યારણીય દ્રષ્ટાંત આપ્યું હતું.

● માંડવીની શેઠ ગોકળદાસ હંસરાજ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત ત્રણ ટુકર કન્યા વિદ્યાલયમાં ઈસરો અમદાવાદ દ્વારા અવકાશ વિજ્ઞાનનો પરિચય કરાવતા એક દિવસીય પ્રદર્શન યોજાયું હતું. સંશોધન સંસ્થા દ્વારા અવકાશમાં અત્યાર સુધી પ્રક્ષેપિત કરાયેલા ઉપગ્રહો અને વિવિધ અવકાશકાન મોડેલ દશ્ય શ્રાવ્ય મધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ અવગત કરાયા હતા.

● રાજાશાહી વખતના માંડવીમાં વીતેલા કાળમાં ત્રણેક ટાવર હતા. જે પોતપોતાના વિસ્તારમાં કલાકે કલાકે સમય દર્શાવતા ટકોરા ગજાવતા. જેમાં સૌથી જૂનું ટાવર માંડવી પોર્ટ ઉપર. અત્રે ૮૪ બંદરના વાવટા ફરકતા ત્યારનાં વખતનો આ ટાવર મરમતના અભાવે હાલે બંધ છે. અન્ય સોનાવારા નાકા બહાર હજીરા ખાતેનો, ત્રીજો શહેરની મધે શાકમાર્કેટ વિસ્તારમાં ભીમાણી ટાવર જે વર્ષ ૧૯૬૦માં મનુભાઈ કરશનદાસ ભીમાણીએ પિતાજી કરશનભાઈ જેઠાભાઈ ભીમાણીના નામે બનાવીને નગરપાલિકાને અર્પણ કર્યું હતું. જે ઘણા સમય ખોટીપાને લીધે બંધ રહ્યું. હાલે નગર સેવા સદનના સહયોગથી બિલ્ડીંગનું સમારકામ કરાવી તેમાં દાતા તરફથી ઘડિયાળ નખાવી દેતા ફરી કલાકે કલાકે ટકોરા સાંભળતા થઈ ગયા છે માંડવી વાસીઓ.

● નખત્રાણા તાલુકાના મંજલમાં અજિતનાથ જિનાલયનો ૧૯૦ ધ્વજારોહણ મહોત્સવનો દ્વિદિવસીય ઉત્સવ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા ઉજવાયો. જેમાં અઢાર અભિષેક સ્નાત્ર પૂજા, સતરભેદીપૂજા, આવતાવર્ષની ધ્વજારોહણની ઉછામણીના આદેશ, લાભાર્થીઓનું બહુમાન વગેરેમાં ભાવિકો એ ઉલ્હાસ ભેર ભાગ લીધો.

● અયોધ્યાના તેરહભાઈ ત્યાગી અખાડાનું સંત મંડળ માધાપર આવતા સ્થાનિક સનાતન ધર્મપ્રેમી જનતા એ તેમનું સન્માન કર્યું હતું. અખાડાના મહંત રમાપતિ દાસજી મહારાજના નેતૃત્વ હેઠળ ૨૫ સંત નારાયણ સરોવર ભુજ, કુકમાં ખેડોઈ પછી અત્રે પધારતા રઘુનાથજી મંદિરમાં ધર્મસભાનું આયોજન કરાયું હતું.

● જિલ્લાના બંદરીય શહેર માંડવીનો ૪૪૦મો સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે અફલાતુન કાર્નિવલ યોજાયો. આંનદના માહોલમાં ૨૦ જેટલા કલા પ્રદર્શનમાં ૮૦૦ જેટલા છાત્રો, કલાસાધકોએ પ્રદર્શન કરીને રંગ જમાવ્યો હતો. સાંસદ વિનોદ ચાવડાને હસ્તે ૪૪૦ ફુગ્ગાઓને હવામાં લહેરાવવામાં આવ્યા હતા. શહેરના ૧૫ જેટલા વિવિધ જ્ઞાતિ સમાજોના મંચસ્થ પ્રમુખોનું બહુમાન કરાયું તથા વિવિધ ક્ષેત્રે પ્રદાન આપનારા સો જેટલાને પુરસ્કૃત કરાવ્યા હતા.

## જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૩.૨૦૨૦ | ડોંબિવલી (પ) | મુલચંદ દામજી મોતો | જસાપુર | ૭૨ |
| ૧૫.૦૩.૨૦૨૦ | કોચીન | મધુરી સુરેશચંદ્ર સોની | વાંકુ | ૭૨ |
| ૧૫.૦૩.૨૦૨૦ | ડોંબિવલી (પ) | ભવાનજી ખીમજી ગોસર | બારાઈ | ૭૬ |
| ૧૬.૦૩.૨૦૨૦ | ગદગ | ચંદનભાઈ ડુંગરશી છેડા | નલિયા | ૮૧ |
| ૧૬.૦૩.૨૦૨૦ | ડોંબિવલી (પ) | દિનેશ ઠાકરશી મુનવર | જખૌ | ૫૮ |
| ૧૭.૦૩.૨૦૨૦ | જલગામ | લીલાબેન લક્ષ્મીચંદ લાપસીયા | સુથરી | ૮૨ |
| ૧૮.૦૩.૨૦૨૦ | મુલુંડ (પ) | જતિન જેઠાલાલ સંઘવી | સાંધાણ | ૩૪ |
| ૧૯.૦૩.૨૦૨૦ | માટુંગા | નીરજ શાંતિલાલ નાગડા | નલિયા | ૪૦ |
| ૧૯.૦૩.૨૦૨૦ | બદલાપુર | સોનબાઈ રતનશી શિઆલ | જખૌ | ૮૫ |
| ૨૦.૦૩.૨૦૨૦ | મુલુંડ (પ) | કેસરબેન કુંવરજી ધુલ્લા | ભરૂડીયા | ૮૨ |
| ૨૨.૦૩.૨૦૨૦ | બાગલકોટ | રોકીલાબ શામજી મોતા | કુઆપધર | ૭૮ |

# વિષાણુ સંક્રમણથી બચાવ માટે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી માટે વિશેષ વ્યવસ્થા કરાઈ



સમગ્ર દેશ સાથે વિશ્વના અનેક દેશો કોરોના વાયરસ કોવિદ-૧૯ના પ્રકોપથી ગ્રસ્ત છે. એક બીજાના સંસર્ગથી પ્રસરતો જતો, પોતાનો પ્રભાવ ફેલાવતો આ રોગ હજુ સુધી કોઈ દવા, રસીથી અટકી શકતો નથી. આ જ સુધી એના પર પ્રભાવ રૂપ થઈ શકે એવી દવા શોધાઈ શકી નથી. એના બચાવ માટે માત્ર એક ઈલાજ છે વ્યક્તિગત સંપર્ક ટાળવો.

કોરોના વાયરસથી આપણા ગુરૂદેવ તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ આ.ભ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. અત્યારે કચ્છના ૭૨ જિનાલયમાં સ્થિરતા કરેલ છે. તેમનો અન્ય સાથે નજીકથી સંપર્ક ન થાય અને વિષાણુ સંક્રમણ ન થાય એ માટે સુરક્ષિતા માટે બોતેર જિનાલયમાં ફોટામાં દર્શાવ્યાપ્રમાણે વ્યવસ્થા કરાઈ છે.

અગર કોઈ સંઘના શ્રાવકો, ગુરૂભક્તો કચ્છમાં તેમના દર્શનાર્થે જાઓ ત્યારે દૂરથી દર્શન વંદન કરવા. ચરણ સ્પર્શનો પણ આગ્રહ રાખવો નહીં. આ નિયમ પાલન કરી સહકાર આપવો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO